# ગુજરાત જાહેર સેવા આયોગ

## સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

<u>આર-૮ શાખા</u>

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ (GWRDC) હસ્તકની નીચે દર્શાવેલ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ તા.૧૫/૧૦/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તા.૩૦/૧૦/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી મંગાવવામાં આવે છે. (જાહેરાત ક્રમાંક:૫૩/૨૦૨૪-૨૫) આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ વિગતવાર અભ્યાસ કર્યા બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**૧) પ્રસ્તુત જાહેરાતોની પ્રાથમિક/મુખ્ય કસોટી, પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામ અને રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસ ની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક/મુખ્ય કસોટીની સૂચિત માસ | પ્રાથમિક/ મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૩/૨૦૨૪-૨૫ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (ગુજરાતી), વર્ગ-૨ | માર્ચ/જુલાઈ-૨૦૨૫ | મે/સપ્ટે.-૨૦૨૫ | ડિસેમ્બર-૨૦૨૫ |

❖ **આખરી પરિણામ :** રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમિયાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ |
| ૧ | ૨ | ૩ | સામાન્ય | આ.ન.વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સામાન્ય | આ.ન.વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | | |
| ૫૩/૨૦૨૪-૨૫ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (ગુજરાતી), વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**૨) દિવ્યાંગ ઉમેદવારો માટે**

જાહેરાત ક્રમાંક:૫૩/૨૦૨૪-૨૫, સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧(ગુજરાતી), વર્ગ-૨ માં નીચે કોષ્ટકમાં દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર | અનામત રાખવામાં આવેલ જગ્યા |
|---|---|---|---|
| a | અંધત્વ અને ઓછી દ્રષ્ટી | B, LV | ૦૦ |
| b | બધિર અને ઓછું સાંભળનાર | HH | ૦૦ |
| c | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા,રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ. | OA, OL, BA, BL, OAL, BLOa, CP, LC, Dw, AAV, SD, SI, | ૦૦ |
| d | સ્વલીનતા(autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારીવાળા દિવ્યાંગ | ASD(M), SLD, MI | ૦૦ |
| e | બહેરાશ-અંધત્વ સહિતની ક્રમ (a) થી (d) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | MD involving above (a) to (d) (More than 40%, Less than 70%) | ૦૦ |

| | |
|---|---|
| B= BLIND | LC=LEPROSY CURED |
| LV= LOW VISION | Dw= DWARFISM |
| HH=HARD OF HEARING | AAV=ACID ATTACK VICTIM |
| OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) | SD=Spinal Deformity |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | SI=Spinal Injury |
| BA= BOTH ARMS AFFECTED | ASD(M)=Autism Spectrum Disorder (M-Mild) |
| BL= BOTH LEGS AFFECTED BUT NOT ARMS | SLD= Specific learning disability |
| OAL= ONE ARM AND LEG AFFECTED | MI= Mental illness |
| BLOa = BOTH LEGS ONE ARM | MD= Multiple Disability |
| CP= Cerebral palsy | |

૨) ઉપરોક્ત જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ (GWRDC)ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૪) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૫) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી “Editable” છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો “Edit” વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

(૧૧) ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણસહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં. પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ પોસ્ટ કે ઈ-મેઈલ મારફત આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

**૩) જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો:**

| **જાહેરાત ક્રમાંક** | | |
|---|---|---|
| ૫૩/૨૦૨૪-૨૫ | **જગ્યાનું નામ** | **સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (ગુજરાતી), વર્ગ-૨** |
| | **શૈક્ષણિક લાયકાત** | (a) possess a bachelor's degree obtained from any of the Universities or Institutions, established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under Section 3 of the University Grants Commission Act, 1956; or possesses an equivalent qualification recognised by the Government;<br>(b) have passed the test of (1) Qualifying Examination (Short hand Test) (Elimination Round) and (II) Mains Examination as prescribed in the Private Secretaries (English and Gujarati Stenographers, Grade 1) Class II in the Departments of Secretaries and other Officers (Competitive Examination) Rules 2019; held either by the Gujarat Public Service Commission or by the Gujarat Water Resources Development Corporation Limited"<br>(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967, and<br>(d) possess the adequate knowledge of Gujarati or Hindi or both. |
| | **વયમર્યાદા** | ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે). |
| | **પગાર ધોરણ** | Pay scale of Rs.44900/- 142400/- [Level-8] in the GWRDC service |

૪) વયમર્યાદામાં છૂટછાટ :

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

* **અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.**

## ૫) પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ:

**૫.(૧) પરીક્ષાની રૂપરેખા:** પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે. (એ) કવોલિફાઈંગ એક્ઝામ (શોર્ટહેન્ડ ટેસ્ટ)(એલીમિનેશન રાઉન્ડ): મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા અને (બી) મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત): નિશ્ચિત જગ્યાઓ માટે મૌખિક કસોટી માટે ઉમેદવારો પસંદ કરવા. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણના (મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ વત્તા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ ) આધારે કરવામાં આવશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

### ૫.(૨) Qualifying Examination(Short hand Test) Elimination Round):

| ક્રમ | વિષય |
|---|---|
| Short hand Test | Dictation of Gujarati para at a speed of 60 words per minute for writing in short hand for 2 minutes and transcribe the same at the speed of seven words per minute (in legible handwriting, not by typing.) |

**નોંધ:-** (૧) આ પરીક્ષાનો ઉદ્દેશ, આપેલ મૌખિક ઝડપે લઘુલિપી ટેસ્ટ લખવા માટેની ઉમેદવારની ક્ષમતાનું મૂલ્યાંકન કરવાનો છે.

(૨) પરીક્ષાનો હેતુ ઉમેદવારોની લઘુલિપી કુશળતાની ચકાસણી કરવાનો છે. જે ઉમેદવારો આવશ્યક લઘુલિપી કૌશલ્ય ધરાવે છે તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર જાહેર કરવામાં આવશે.

(૩) કવોલિફાઇંગ એક્ઝામ(શોર્ટહેન્ડ ટેસ્ટ)(એલીમિનેશન રાઉન્ડ)નું લાયકી ધોરણ આયોગ નક્કી કરે તે મુજબ રહેશે.

### ૫.(૩) મુખ્ય પરીક્ષા :

| ક્રમ | વિષય | કુલ ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | Gujarati: Language skill & Computer Knowledge (Descriptive and Objective) | ૧૦૦ | ૨ કલાક |
| પ્રશ્નપત્ર-૨ | Skill Test (Stenography and Typing the Transcription) | ૧૦૦ | ૦૮ મિનીટ: Stenography<br>૭૫ મિનીટ: Transcription |
| | Total | ૨૦૦ | |

**૫. (૪)અભ્યાસક્રમ :**

**પ્રશ્નપત્ર-૧ : ગુજરાતી, સમય ૨ કલાક, ગુણ- ૧૦૦. આ પ્રશ્નપત્રમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે.**

| | | |
|---|---|---|
| (૧) નિબંધ | Descriptive | ૧૦ ગુણ |
| (૨) સંક્ષિપ્ત લેખન–સારાંશ | Descriptive | ૧૦ ગુણ |
| (૩) પત્રલેખન(૨ પત્રો) | Descriptive | ૨૦ ગુણ |
| (૪) ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર | Descriptive | ૧૦ ગુણ |
| (૫) અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર | Descriptive | ૧૦ ગુણ |
| (૬)ગુજરાતી વ્યાકરણ | Objective | ૨૦ ગુણ |
| (૭) Computer Fundamentals / Operations | Objective | ૨૦ ગુણ |

**પ્રશ્નપત્ર-૨:** લઘુલિપી ટેસ્ટ,કુલ ગુણ:૧૦૦ ઉમેદવારે પ્રતિ મિનિટે ૯૦ શબ્દોની ઝડપે ચાર મિનિટના એક એવા બે ગુજરાતી ફકરાઓનુ શોર્ટહેન્ડ ડીક્ટેશન લેવાનું રહેશે અને કોમ્પ્યુટર પર ૭૫ મિનિટમા તે જ ફકરાઓનું લિપ્યાંતર કરવાનુ રહેશે. પ્રશ્નપત્ર–૧ અને પ્રશ્નપત્ર–૨નું લાયકી ગુણનું ધોરણ આયોગ નક્કી કરે તે મુજબ રહેશે.

**૫.(૫)મૌખિક કસોટી: ૫૦ ગુણ** જે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં (પેપર–૧ અને પેપર–૨)માં આયોગે નક્કી કરેલ ઓછામાં ઓછુ લાયકી ધોરણ પ્રાપ્ત કરશે તેને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. મૌખિક કસોટી ૫૦ માર્કસની રહેશે. મૌખિક કસોટી માટે બોલાવવા પાત્ર ઉમેદવારોની સંખ્યા જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે. ઉમેદવારોએ લેખિત પરીક્ષા(પેપર–૧ અને પેપર–૨)માં અને મૌખિક કસોટીમાં મેળવેલ કુલ ગુણને આધારે તેઓની અંતિમ પસંદગી યાદી બનશે.જે ઉમેદવાર મૌખિક કસોટી માટે પાત્ર હશે પરંતુ મૌખિક કસોટીમાં હાજર રહેશે નહિ તે પસંદગી માટે લાયક ઠરશે નહિ.

ઉક્ત જગ્યાના પરીક્ષા નિયમોમાં જો કોઈ અન્યથા જોગવાઈ ન કરવામા આવી હોય, તો પરીક્ષા લેવાની પધ્ધતી બાબતે આયોગનો નિર્ણય આખરી રહેશે. ઉક્ત પરીક્ષા અન્વયે રહસ્ય સચિવ (અંગ્રેજી અને ગુજરાતી સ્ટેનોગ્રાફર,ગ્રેડ–૧) વર્ગ–૨ સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો ૨૦૧૯ ની જોગવાઈ લાગુ પડશે અને તેનું અર્થઘટન આખરી રહેશે.

- **રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.**

| **કુલ જગ્યાઓ** | **કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા** |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

**નોંધ: પ્રાથમિક કસોટી અને મુખ્ય પરીક્ષા સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.**

(૬) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૭) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૮) આ જાહેરાતો અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે,અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૯) અરજી ફી: સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/– + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦/– + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો (આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) માજી સૈનિકો તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં રિફંડ મળવાપાત્ર નથી.

(૧૦)ઉક્ત જાહેરાતોમાં અર્થઘટન બાબતે જગ્યાનાં ભરતી વિનિયમો, સરકારશ્રીના ઠરાવ અને આયોગનાં કચેરી હુકમની જોગવાઈ આખરી રહેશે.

સહી/-
(ગૌરવ પંડ્યા)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

**R-8 Branch**

Online applications are invited for the following posts of **Gujarat Water Resources Development Corporation Limited (GWRDC), Advt. No.:53/2024-25 between date:15/10/2024, 13:00 to date:30/10/2024, 23:59.** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, Important Instructions before applying.

**1) Tentative date/month of Primary/Mains Test, Result of Primary/Mains Test and Interview are shown below**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative Month of Primary/Mains test | Tentative month of Primary/Mains test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 53/2024-25 | Stenographer, Grade I (Gujarati), class-2 | March/July-2025 | May/Sep.-2025 | Dec-2025 |

- **Final Result will be published during 10 working days after completion of Interview.**

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Person with disability | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 53/2024-25 | Stenographer, Grade I (Gujarati), class-2 | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |

**2) Note: -**

Advertisement No: 53/2024-25, Stenographer, Grade I (Gujarati), class-2 only candidates with disability mentioned in the table below are eligible to apply. Candidates with disabilities other than those mentioned in the table shall not be eligible to apply.

| Sr. No. | Disability | Type of Disability | Number Of Reserved Posts |
|---|---|---|---|
| a | Blindness and Low vision | B, LV | **00** |
| b | Deaf, Hard of Hearing | HH | **00** |
| c | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | OA, OL, BA, BL, OAL, BLOa, CP, LC, Dw, AAV, SD, SI, | **00** |
| d | Autism, Specific Learning Disability and Mental illness | ASD(M), SLD, MI | **00** |
| e | Multiple Disabilities from amongst persons under group (a) to (d) including Low Vision-Hard of Hearing | MD involving above (a) to (d) (More than 40%, Less than 70%) | **00** |

| | |
|---|---|
| B= BLIND | LC=LEPROSY CURED |
| LV= LOW VISION | Dw= DWARFISM |
| HH=HARD OF HEARING | AAV=ACID ATTACK VICTIM |
| OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) | SD=Spinal Deformity |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | SI=Spinal Injury |
| BA= BOTH ARMS AFFECTED | ASD(M)=Autism Spectrum Disorder (M-Mild) |
| BL= BOTH LEGS AFFECTED BUT NOT ARMS | SLD= Specific learning disability |
| OAL= ONE ARM AND LEG AFFECTED | MI= Mental illness |
| BLOa = BOTH LEGS ONE ARM | MD= Multiple Disability |
| CP= Cerebral palsy | |

(2) The candidates selected in the above posts shall be considered employees of **Gujarat Water Resources Development Corporation Limited (GWRDC)**. They shall not be considered employees of the Government of Gujarat.

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps candidates to fill up Online Application form speadily, OTR is not counted as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is "Editable" till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there is any mistake in filling up the details / information in the online application, candidate may go to the "Edit" option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now**. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website **https://gpsc-iass.gujarat.gov.in/** within the stipuled time duration as mentioned in the provisional result. Certificates/Documents sent Physically or By Post or by e-mail or by any other way to the Commission will not be considered for the further recruitment process.

## 3) Name of Posts, Education Qualification, Age and Pay Scale Details:

| **Advt. No.** | | |
|---|---|---|
| 53/2024-25 | **Name of Post** | Stenographer, Grade I (Gujarati) , class-2 |
| | Education Qualification | (a) possess a bachelor's degree obtained from any of the Universities or Institutions, established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under Section 3 of the University Grants Commission Act, 1956; or possesses an equivalent qualification recognised by the Government;<br>(b) have passed the test of (1) Qualifying Examination (Short hand Test) (Elimination Round) and (II) Mains Examination as prescribed in the Private Secretaries (English and Gujarati Stenographers, Grade 1) Class II in the Departments of Secretaries and other Officers (Competitive Examination) Rules 2019; held either by the Gujarat Public Service Commission or by the Gujarat Water Resources Development Corporation Limited"<br>(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967, and<br>(d) possess the adequate knowledge of Gujarati or Hindi or both. |
| | Age | Age should not be less than 21 years and not more than 35 years. (Age will be Considered as on the last date of online application). |
| | Pay Scale | Pay scale of Rs.44900/- 142400/- [Level-8] in the GWRDC service |

## 4) Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SC/ ST/SEBC/EWS category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SC/ST/SEBC/EWS category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman) (Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | The length of military service + 3 years |

| | | |
|---|---|---|
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |
| 6 | Gujarat Government Employees: Employees who have been in the employment of the Gujarat Government on a permanent or temporary basis for six consecutive months as per the provisions of the Gujarat Civil Service and Classification and Recruitment (General) Rules, 1967 and whose first appointment is within the age limit specified in the advertised post. | 1) Upper age limit shall not apply if experience is sought as qualification in advertisement.<br>(2) The upper age limit shall not apply to the post of any such qualified post (Any Such Post) to an employee who has not sought experience as a qualification in the advertisement but has been appointed to the post of engineering, medical, agricultural, veterinary degree or diploma.<br>(3) An employee serving in a cadre from which promotion is eligible, when experience is not sought as a qualification for the post mentioned in the advertisement, shall get a relaxation of the length of service rendered by him or a maximum of five years whichever is less.<br>(4) No relaxation in the upper age limit shall be admissible to the employees/officers of the Government of Gujarat in the competitive examination where experience has not been prescribed as a qualification in the advertisement. |

**5) Exam Pattern and Syllabus:**

**5.(1) Exam Pattern:** The examination will be conducted in two phases respectively. (A Qualifying Examination (Shorthand Test) (Elimination Round): To select candidates for Main Examination and (B) Main Examination (Written and Personal Interview): To select candidates for Interview for fixed posts. Final selection of candidates on the basis of marks obtained in Main Examination (The medium of examination will be Gujarati based on the marks obtained in the main written examination plus the marks obtained in the face-to-face interview.

**5.(2) Qualifying Examination(Short hand Test) Elimination Round):**

| Sr.No | Subject |
|---|---|
| Short hand Test | Dictation of Gujarati para at a speed of 60 words per minute for writing in short hand for 2 minutes and transcribe the same at the speed of seven words per minute (in legible handwriting, not by typing.) |

**Note:-** (1) The objective of this test is to assess the candidate's ability to write a shorthand test at a given oral speed.

(2) The purpose of the examination is to test the shorthand skills of the candidates. Only those candidates who possess the required shorthand skills will be declared eligible for admission to the main examination.

(3) The eligibility criteria of the qualifying exam (shorthand test) (elimination round) will be as decided by the commission.

## 5.(3) Main Exam:

| Sr.No | Subject | Total Marks | Time |
|---|---|---|---|
| Paper-1 | Gujarati: Language skill & Computer Knowledge (Descriptive and Objective) | 100 | 2 Hours |
| Paper-2 | Skill Test (Stenography and Typing the Transcription) | 100 | 08 minutes: Stenography<br>75 minutes: Transcription |
| | **Total** | **200** | |

## 5.(4) Syllabus :

**Paper-1: Gujarati, time 2 hours, Marks-100. This question paper will include the following questions.**

| | | |
|---|---|---|
| (1) Essay writing | Descriptive | 10 Marks |
| (2) Precise writing | Descriptive | 10 Marks |
| (3) Letter Writing(Two Letters) | Descriptive | 20 Marks |
| (4) Translation from Gujarati into English | Descriptive | 10 Marks |
| (5) Translation from English into Gujarati | Descriptive | 10 Marks |
| (6) Gujarati Grammar | Objective Type | 20 Marks |
| (7) Computer Fundamentals/Operations | Objective Type | 20 Marks |

**Paper-2:** Shorthand Test, Total Marks: 100 Candidates will have to take shorthand dictation of two Gujarati passages of four minutes each at a speed of 90 words per minute and transcribe the same passages on the computer in 75 minutes. The standard of qualifying marks for question paper-1 and question paper-2 will be as decided by the commission

**5.(5) Interview: 50 Marks** Candidates who secure the minimum qualifying standard fixed by the Commission in the Main Examination (Paper-1 and Paper-2) will be called for the Interview. Interview will be of 50 marks. The number of candidates eligible to be called for Interview will be as follows taking into account the number of category wise vacancies mentioned in the advertisement. Candidates will be shortlisted on the basis of total marks obtained in written test (Paper-1 & Paper-2) and in Interview. Candidates who are eligible for Interview but do not appear in Interview will not be eligible for selection.

Unless otherwise provided in the examination rules of the said post, the decision of the Commission regarding the method of conducting the examination shall be final. The provisions of Secret Secretary (English & Gujarati Stenographer, Grade-I) Class-II Competitive Examination Rules 2019 shall apply and its interpretation shall be final for the said examination.

- **As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:**

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

**Note: The Preliminary test and Main Examination will usually be held at Gandhinagar / Ahmedabad and candidates will have to be present at their own expense.**

**(6)** The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

**(7)** If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

**(8)** Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(9)** Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category, Ex-Servicemen and person with disability do not have to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee. Refund policy is not admissible under any circumstances after payment of fee.

**(10)**For the provisions of the post, recruitment regulations, resolution of the Government and the office order of the Commission shall be final in respect of interpretation in the said advertisements.

Sd/-
( Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

.

GPSC

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

**૧ નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

**૨ અરજીપત્રક:-**

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩)અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫)જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

| ૫ | **શૈક્ષણિક લાયકાત:-** |
|---|---|

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

| ૬ | **અનુભવ:-** |
|---|---|

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ– અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) **આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.** એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

| ૭ | **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-** |
|---|---|

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક  સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં"  નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર  રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ **(એટલે કે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૧૦/૨૦૨૪).** જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે,  તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર  મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે **(એટલે કે તા.૩૧/૧૦/૨૦૨૧ થી અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦/૧૦/૨૦૨૪ સુધીનું).** આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં  મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે  નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા,  અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.
જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,
(૨) બધિર અને ઓછું સાંભળનાર,
(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,
(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,
(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩)વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

| ૧૮ | **નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)** |
|---|---|

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

| ૧૯ | **નિમણૂક :-** |
|---|---|

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

| ૨૦ | **ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-** |
|---|---|

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતાં વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**નોંધ ૧ :** જાહેરાતની જોગવાઇઓના અર્થઘટન અને ભરતી પ્રક્રિયા બાબતે જગ્યાનાં ભરતી વિનિયમોની જોગવાઇઓ આખરી રહેશે.

**નોંધ ૨ :** ઉપરોક્ત સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (ગુજરાતી), વર્ગ-૨ ની જગ્યાનાં ભરતી વિનિયમો તથા પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-ж, Annexure KH/પરિશિષ્ટ-ગ નો નમૂનો, દિવ્યાંગ ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો, અનુભવના પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૩૨૫૮૯૮૦ પરથી મળી શકશે.

*******************************************

# ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર (**તારીખ: ૧૫/૧૦/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ ૩૦/૧૦/૨૦૨૪, ૨૩:૫૯ કલાક**) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf)Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - ★ વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File"

Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શાવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઈ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઈને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને/અથવા ઈ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઈલ નંબર તથા ઈ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનુ રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોધઃ-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૦૧/૧૧/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

૨. ઓનલાઈન ફી : ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઈટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.